# નમુનારૂપ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત ૭૪ કરોડનો ખર્ચ કરાયો

## દબાણોના લીધે બ્રિજ છેલ્લા કેટલાક સમયથી લટકતી હાલતમાં હતો : વાઇબ્રન્ટ દરમિયાન બ્રિજનુ ઉદઘાટન થશે

ગાંધીનગર તા ૨૮

સિગ્નેચર બ્રિજનુ કામ પુર્ણ થયા બાદ ગિફટ સીટીને જોડતા રસ્તાનુ કામ દબાણના લીધે અટવાયુ હતુ. ગિફટ સીટીના જોડાણ માટે અંદાજિત રૂ ૭૪ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા સિગ્નેચર બ્રિજનુ કામ છેલ્લા ૬ મહીનાથી પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ બ્રિજને જોડતા રસ્તામાં દબાણો અવરોધરૂપ બનતા માર્ગ જોડાણનુ કામ અટવાયુ હતુ. આખરે રૂટમાં આવતા દબાણો દુર કરાતા આગામી વાઈબ્રન્ટ દરમિયાન બ્રિજનુ ઉદઘાટન કરવામાં આવશે.

બિઝનેસ હબ તરીકે વિકસતા ગિફટ સીટીને રોડનેટવર્ક પુરૂ પાડવા માટે રસ્તાના કામો હાથ ધરાયા છે. જયારે ગિફટ સીટીને યોગ્ય જોડાણ આપવા માટે સિગ્નેચર બ્રિજનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. સિગ્નેચર બ્રિજની યોજના પાછળ અંદાજિત રૂ ૭૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. નમુનારૂપ બ્રિજનુ કામ છેલ્લા ૬ મહીનાથી પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ બ્રિજના બીજા છેડાને જોડવા માટે રસ્તાના જોડાણનુ કામ લાંબા સમયથી અટવાયુ હતુ. આ રૂટમાં આવતા દબાણો દુર કરવા માટે જિલ્લા કલેકટરને પણ જાણ કરવામાં આવી હતી. આ મામલે સ્થળ પરના દબાણોની સ્થિતિ ચકાસવા માટે તંત્રની ટીમે પણ વારંવાર મુલાકાત લીધી હતી. જયારે બ્રિજના દબાણો દુર કરવા માટે દબાણકર્તાઓની સાથે પરામર્શ કરી સમસ્યાનુ નિરાકરણ લાવવાનો પ્રયાસ કરાયો હતો. આખરે દબાણો દુર કરી દેવાતા બ્રિજ નિર્માણની યોજના બાદ રસ્તાના જોડાણનો પ્રશ્ન હલ થઈ ગયો છે. જયારે હાલ કાચા રસ્તાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે.જયારે ટુંકમાં જ ડામર રસ્તાનુ કામ પણ શરૂ કરી દેવાશે. લાંબા સમયના અંતે ગિફટ સીટીને જોડવા માટેનો નવો રસ્તો મળશે. આગામી વાઈબ્રન્ટ દરમિયાન સિગ્નેચર બ્રિજનુ ઉદઘાટન કરાશે.



બગીચો બિસ્માર : ઘ-૫ના લોકપ્રિય ખાણીપીણી બજાર વચ્ચે તૈયાર કરાયેલ બગીચાની હાલત દયાજનક છે. એક તરફ વાયબ્રન્ટનો ધમધમાટ છે તો બીજી તરફ અડખામણા સ્થળોમાં બિનજવાબદારી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**જો હવે કેશલેસ સીસ્ટમ આવી છે... તારા નામનું એકાઉન્ટ ખોલાવી દીધું છે... તારા આજનાં ઘાસનાં પૈસા તેમાં ટ્રાન્સફર કરી દઉ છું... પછી તું અને સરકાર જાણે હું છુટ્ટો...!!**

# ચૂંટણીમાં તું એમની બાજુ કેમ હતો ? : કોલવડામાં ધમાલ

## સરપંચના એક ઉમેદવારે બીજાનાં ટેકેદારને લાફો મારતા મામલો બિચકયો : સામ સામે લોખંડની પાઈપો વડે હુમલો : બંને પક્ષે લુંટ થઈ હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ : ચાર ઘાયલ

ગાંધીનગર, તા.૨૮

ગ્રામ પંચાયતની ગઈ કાલે સંપન્ન થયેલી ચુંટણી બાદ આજે કોલવડા ગામમાં એક સરપંચના ઉમેદવારના માણસે બીજા ઉમેદવારના ટેકેદારને 'તું એમની બાજુ કેમ હતો?' કહીને લાફો ઝીંકી દેતા મામલો ગરમાયો હતો. બંને પક્ષે ટેકેદારો લોખંડી પાઈપો લઈને સામ સામે આવી ગયા હતા અને મારઝુડ થતા ચાર ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બંને પક્ષે ક્રોસ ફરિયાદ દાખલ થઈ છે જેમાં લુંટનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઊંડી તપાસ શરુ કરી છે.

કોલવડા ગામમાં સરપંચ પદની ચુંટણી માટે રમણસિંહ છત્રસિંહ વાઘેલા અને પ્રદિપસિંહ નવુજી વાઘેલા ઉમેદવારો હતા. ગામમાં રહેતા વિપુલ નારણભાઈ દેસાઈ ગઈ કાલે પ્રદિપસિંહના ટેકેદાર તરીકે હતા. મળતી માહિતી મુજબ આ મામલે રાગ-દ્વેષ રાખીને રમણસિંહના માણસોએ આજે સવારે વિપુલ દેસાઈને ઉભો રાખી 'તું કેમ કાલે એમની બાજુ હતો?' તેમ કહી લાફો ઝીંકી દીધો હતો. વિપુલ દેસાઈ અન્ય માણસોને લઈને ચામુંડાપુરા આંગણવાડી સામે આવી ગયો અને બંને પક્ષો સામ સામે લોખંડની પાઈપો લઈને મારઝુડ કરવા લાગ્યા હતા. આ ઘટનામાં ચાર ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. મહેન્દ્રસિંહ જસવંતસિંહ વાઘેલાની ફરિયાદને આધારે પોલીસે સંજયસિંહ શંકરસિંહ વાઘેલા, સુરેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા, પ્રદિપસિંહ નવુજી વાઘેલા, મોહબતસિંહ ભરતસિંહ વાઘેલા, જયદિપસિંહ પરથીજી વાઘેલા, સજુજી ખોડાજી વાઘેલા, પરથીજી વાઘેલા અને વિપુલ નારણભાઈ દેસાઈ મળીને આઠ સામે મારઝુડ અને રૂ. ૩૫ હજાર તથા સોનાના ચેઈનની લુંટ સંદર્ભે ગુનો દાખલ કર્યો છે. તો બીજી તરફ વિપુલભાઈ નારણભાઈ દેસાઈની ફરિયાદને આધારે પેથાપુર પોલીસે ક્રોસ ફરિયાદ લઈને મહેન્દ્રસિંહ જશવંતસિંહ વાઘેલા, સંજયસિંહ રમણસિંહ વાઘેલા, અજયસિંહ રોહિતજી વાઘેલા અને રમણસિંહ છત્રસિંહ વાઘેલા મળી ચાર શખ્સો સામે મારઝુડ અને સોનાના દોરાની ચેઈનની લુંટનો ગુનો દાખલ કરી પીએસઆઈ એલ.એસ. ચૌધરીએ તટસ્થ તપાસ શરુ કરી છે. આ ગુનાના તમામ આરોપીઓ અન્ડર ગ્રાઉન્ડ થઈ ગયા હોવાથી હજુ એક પણ પોલીસ ગીરફતમાં આવ્યા ન હોવાનું તપાસનીશ અધિકારીનું કહેવું છે.

## ગાંધીનગર આંજણા (ચૌધરી) સેવા મંડળ દ્વારા સ્નેહ મિલન પહેલી જાન્યુઆરીએ યોજાશે

ગાંધીનગર શહેરમાં વિશાળ સુમદાયમાં વસતાં આંજણા (ચૌધરી) સમાજનો સ્નેહમિલન સમારોહ તા.૧લી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સવારના ૮.૩૦ કલાકે પ્રમુખગ્રીન્સ પાર્ટી પ્લોટ, ખ- રોડ, સરગાસણ ગાંધીનગર ખાતે આરોગ્ય-પરિવાર કલ્યાણ મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાશે. પ્રમુખ વિષ્ણુભાઈ એન. ચૌધરી તથા મહામંત્રી ઈશ્વરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આ સમારોહમાં સમાજના તેજસ્વી વિધાર્થીઓ, વર્ગ-૧ના અધિકારીઓ, ડૉકટર, ખાસ એવોર્ડ વિજેતાઓનું સન્માન કરવામાં આવશે.

# સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તાર ગંદકીમાં ગરકાવ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટને અનુલક્ષી તંત્ર દ્વલારા શહેરભરમાં જોરશોરથી સફાઈ કરવામાં આવે છે. શહેરના ઘ-૦થી ઘ-૫નો અડધા વિસ્તારની આગવી ઓળખ ઊભી થવા પામી છે. જ્યારે ઘ-૫ પછીનો વિસ્તાર જૈસે-થેની સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. ત્યારે સેક્ટર-૨૮ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં સફાઈને લઈને અલગ જ ચિત્ર જોવા મળી રહ્યું છે. ગટરના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા ઠેર-ઠેર ખાબોચીયા ભરાયા છે. જેને પગલે વાહન ચાલકો અને સ્થાનિક નાગરિકોને આ ગંદકીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે. ગટરના ગંદા પાણીના પગલે મચ્છરોનો ઉપદ્રવ વધી જતા રહીશોની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. ત્યારે માર્ગો પરથી ગંદુ પાણી સત્વરે દૂર થાય તેમ નાગરિકો અને વેપારીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગરને સ્વચ્છ અને સુંદર બનાવવા શહેરી તંત્ર રાત ઉજાગરા કરી રહ્યું છે. વાયબ્રન્ટને અનુલક્ષી નગરને સજાવવામાં આવી રહ્યું છે. સમગ્ર શહેરની ગંદકી અને કચરાથી મુક્ત કરવામાં આવી રહ્યું છે. ત્યારે સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં અલગ જ ચિત્ર દેખાઈ રહ્યું છે. સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં થોડા સમય અગાઉ પણ ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા નાગરિકો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆતને અંતે આ સમસ્યાનું નિરાકરણ આવ્યું હતું. જેથી વેપારી મિત્રો અને નાગરિકોને ગંદકીમાંથી મુક્તિ મળી હતી. પરંતુ જીઆઈડીસીમાં ફરીવાર પરિસ્થિતિ જૈસે-થે થઈ હોય તેવું લાગી રહ્યું છે. ગટરના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જતા નાગરિકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જ્યારે આ વિસ્તારમાં રહેતા વેપારીઓ અને નાગરિકોના આરોગ્ય સામે પણ ખતરો મંડારાઈ રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા જીઆઈડીસી વિસ્તારને ગંદકી મુક્ત બનાવાય તેવું વેપારી મિત્રો ઈચ્છી રહ્યા છે.



પૂણ્ય કાર્યનો પ્રારંભ : શહેરના ગોપી મહિલા મંડળ દ્વારા ઉત્તરાયણ નિમિત્તે ૮૦ કિલો લાડુ તૈયાર કરવાના પૂણ્ય કાર્યનો પ્રારંભ થયો હતો. સેક્ટર-૫/એની મહિલાઓ સદ્કાર્યમાં મહિલાઓ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી.

# જી.એમ.ઈ.આર.એસ.ના સી.ઈ.ઓ એ ઓર્થોપેડીક વિભાગને નોટીસ આપી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં ઓર્થોપેડીક વિભાગમાં દર્દથી કણસી રહેલા બી.પી.એલ. લાભાર્થી દર્દીઓ પાસેથી ઓપરેશનના નામે ડોકટર્સ દ્વારા રૂપિયા ખંખેરવાનો કારસ ચાલી રહ્યો હતો ત્યારે દર્દીના સગાએ વીડીયો કલીપ સાથેના જરુરી પુરાવાઓ સાથે ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ કરતા બે ડોકટરને હાંકી કાઢવામાં આવ્યા છે પરંતુ ઓર્થોપેડીક વિભાગમાં ચાલતા ગોટાળાને સિવિલ સત્તાધીશો છાવરતા હોય તેવું હોસ્પિટલ સંકુલમાં ચર્ચાઈ રહ્યું છે. ત્યારે ઓર્થોપેડીક વિભાગના એચ.ઓ.ડી.ને ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીના સી.ઈ.ઓ. ડૉ. જે.જી. બુચે નોટીસ આપી ખુલાસો આપતા જણાવ્યં છે ત્યારે ઓર્થોપેડીક વિભાગની ગંભીર નોંધ લઈ સી.ઈ.ઓ.એ નોટીસ આપતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે અને સંકુલમાં વિવિધ ચર્ચાઓએ જોર પકડયું છે.

# સિવિલ હોસ્પિટલમાં એકસ-રે મશીન બંધ રહેતા દર્દીઓને ભારે હાલાકી

ગાંધીનગર, તા.૨૮

રાજયના પાટનગર ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં રોજ નવી સમસ્યા ઉભી થવા પામે છે. શહેરની હોસ્પિટલામં આજ રોજ એકસ-રે મશીન બંધ થઈ જવા પામ્યું હતું. જેથી એકસ-રે ફરજીયાત કરાવવો પડે તેવી સ્થિતિવાળા દર્દીઓને પ્રાઈવેટમાં જવાની ફરજ પડી હતી.

જયારે અન્ય દર્દીઓ અમદાવાદ હોસ્પિટલ ગયા હતા. હોસ્પિટલમાં સીટી સ્કેનની સેવા તો દર્દીઓને નસીબમાં નથી. માત્ર એક એકસરેની સેવા મળી રહે છે. તે પણ કયારે શરુ અને કયારે બંધ હોય છે તે ખુદ સત્તાધિશોને પણ ખબર હોતી નથી. આજે ૧૦૦થી વધુ એકસરે કઢાવવા માટે આવેલા દર્દીઓને વીલા મોંએ પરત ફરવાનો વારો આવ્યો હતો. રાજયના પાટનગરની હોસ્પિટલની આ હાલત છે. તો દુરના જિલ્લાઓની હોસ્પિટલની વાત જ શું કરવી! ત્યારે શહેરની હોસ્પિટલમાં જરુરી સગવડો અને દર્દીઓની માળખાકીય સુવિધામાં ઝડપથી સુધારો થાય તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.



## સે-૨માં આધારકાર્ડ કેમ્પ વધુ એક દિવસ માટે લંબાવાયો

સેકટર-૨માં અર્બન હેલ્થ સેન્ટર ખાતે વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા બે દિવસીય આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૭ અને ૨૮ ડિસેમ્બર દરમિયાન આયોજિત કરાયેલ આ કેમ્પને સે-૨ના રહીશોનો ઉમળકાભેર પ્રતિસાદ સાંપડતા માત્ર બે જ દિવસમાં ૩૧૫ રહીશોએ આધારકાર્ડ માટે અરજી કરી હતી. આ સાનુકુળ પ્રતિસાદને ધ્યાનમાં રાખીને આ કેમ્પને હજુ વધુ એક દિવસ એટલે કે તા. ૨૯મી ડિસેમ્બર ગુરુવાર સુધી લંબાવવાનો નિર્ણય કરાયો છે.

# ગાંધીનગર ખાતે ૩૧મી નેશનલ આઈટીએફ ટેકવોન્ડો ચેમ્પિયનશીપનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના આંગણે સે-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે '૩૧મી નેશનલ આઈટીએફ ટેકવોન્ડો ચેમ્પિયનશીપ'નો આજથી પ્રારંભ થયો છે. ત્રણ દિવસ ચાલનારી ટૂર્નામેન્ટનું આયોજન ટેકવોન્ડો ફેડરેશન ઓફ ગુજરાતના યજમાન પદે ટેકવોન્ડો એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં ૨૭ રાજયોના આશરે ૬૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે.




રાષ્ટ્રીય કક્ષાની ટેકવોન્ડો ચેમ્પિયનશીપ સબ જુનિયર, જુનિયર, સિનિયર તથા વેટરન કેટેગરીમાં રમાશે. જેમાં વ્યકિતગ તથા ટીમ બંને વિભાગમાં પેટર્ન અને સ્પેરિંગ સ્પર્ધા ઉપરાંત સેલ્ફ ડિફેન્સ, ઓપન વેઈટ સ્પેરિંગ કોમ્પીટીશન યોજાશે. આ સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ટેકવોન્ડો રમતમાં આગળ વધવા માટે યોગ્ય માહોલ પુરો પડાશે. આજે સવારે સાઈ ખાતેના મલ્ટીપરપઝ હોલમાં નેશનલ ટેકવાન્ડો આઈટીએફ ચેમ્પિયનશીપનું ઉદઘાટન કરાયું હતું. ઉદઘાટન સમારંભમાં સાઈના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ, ટેકવોન્ડો એસોસિએશન ઓફ ઈન્ડિયાના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી જનરલ રચના ચૌરસીયા રાજેન્દ્રન તથા ટેકવોન્ડો ફેડરેશન ઓફ ગુજરાતના ટેકનિકલ ડાયરેકટર અનિલ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં ખેલાડીઓ સાથે તેમના વાલીઓ તથા શુભેચ્છકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




'ટેકવોન્ડો રમત એ વિદેશની ખૂબ લોકપ્રિય રમત છે, જે ઓલમ્પિકમાં તો સામેલ છે જ તેમજ એશિયન ગેમ્સ, વર્લ્ડ સ્કૂલ ગેમ્સ વગેરેમાં પણ રમાય છે. આ એક સેલ્ફ ડિફેન્સ માટેની આર્ટ છે જે ખેલાડીને શારિરિક તથા માનસિક રીતે મજબૂત બનાવે છે. આ ટૂર્નામેન્ટના કારણે ગુજરાતના બાળકોને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ રમતમાં આગળ વધવા માર્ગદર્શન તથા પ્રેરણા પ્રાપ્ત થશે.'

- અનિલ સોલંકી

ફોર્થ ડિગ્રી બ્લેક બેલ્ટ હોલ્ડર તથા ટેકનિકલ ડાયરેકટર,
ટેકવોન્ડો ફેડરેશન ઓફ ગુજરાત

# પતંગની દોરીથી ઈજા પામતા પક્ષીઓ માટે 'કરુણા' અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

રાજયભરમાં ઉત્તરાયણનો તહેવાર ઉમંગપૂર્વક ઉજવાતો હોય છે પરંતુ આ દરમિયાન પતંગની દોરીથી પક્ષીઓને ઈજા થવાના અને મૃત્યુ થવાના સંખ્યાબધ્ધ બનાવો બનતા હોય છે. આવા બનાવો નિવારવા તથા ઈજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજય સરકાર દ્વારા આ વર્ષથી 'કરુણા' અભિયાન હાથ ધરવાનું નક્કી કરાયેલ છે. તા. ૧૦-૧-૨૦૧૭થી તા. ૨૦-૧-૨૦૧૭ના સમય દરમિયાન આ અભિયાન હેઠળ રાજયભરના તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ તેમજ જિલ્લા કલેકટરશ્રીઓની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ વન વિભાગ, પશુપલન વિભાગ, શિક્ષણ વિભાગ અને રાજયભરમાં પથરાયેલ વિવિધ જીવદયા પ્રેમી સંસ્થાઓ વચ્ચે સંકલન સાધી સઘનપણે પક્ષીઓને બચાવવાની કામગીરી સુઆયોજિત ઢબે હાથ ધરાશે.

આ અન્વયે જિલ્લા મુખ્ય મથકોએ હેલ્પલાઈન, વિવિધ સ્થળોએ ઓપરેશન થિયેટર તેમજ પક્ષીઓના સારવાર કેન્દ્રો ઉભા કરી, ઈજા થયેલ પક્ષીને સારવાર આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ અભિયાનમાં પશુપાલન વિભાગ તેમજ પશુચિકિત્સક અધિકારીઓ, ડેરી તેમજ દૂધ મંડળી તેમજ અન્ય વેટરનરી ડોકટરોને પણ સામેલ કરવામાં આવ્યા છે.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિ.ના વિદ્યાર્થી જર્મનીના અભ્યાસ માટે પસંદ



સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિ., ગાંધીનગર ખાતે ડીપાર્ટમેન્ટ ઓફ ફીજીકલ એજયુકેશનના એમ.ફિલ. +પી.એચ.ડી.ના વિદ્યાર્થી ગૌરવ કૌશિક યુનિ.ઓફ લેઈપ્ઝીંગ, જર્મનીની સ્પોર્ટસ સાયન્સ વિભાગમાં કંડીશનીંગ કોચ અંગેના અભ્યાસક્રમ માટે પસંદગી પામેલ છે. તેઓના આ પાંચ માસિક અભ્યાસ દ્વારા જર્મનીના રમત શિક્ષણ અંગેના અભિગમોની માહિતી મેળવી પોતાના જ્ઞાનમાં વધારો કરશે. સમગ્ર દેશમાં રમત પ્રશિક્ષણ ક્ષેત્રે આ પ્રકારની અદ્વિતીય સિદ્ધિ મેળવવા બદલ તેઓને યુનિ.ના કુલપતિ તથા યુનિ. પરિવાર તરફથી ખુબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# આજે ગાંધીનગરના સે-૨૨ અને ૩ ખાતે ખેડૂત શાકભાજી માર્કેટ ભરાશે

ગાંધીનગર શહેરમાં દર રવિવારે ભરાતા ખેડૂત શાકભાજી માર્કેટને સારો પ્રતિસાદ મળ્યો છે. ગાંધીનગરના નગરજનોની અને ખેડૂતોની લાગણીને ધ્યાને રાખીને જિલ્લા કલેકટર શ્રી સતીષ પટેલ દ્વારા ખેડૂત શાકભાજી માર્કેટ દર ગુરુવારે ભરાય તે માટેનું સુચારું આયોજન કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. જે અંતર્ગત ગાંધીનગર શહેરમાં સે-૩ સાંઈબાબા મંદિર પાસે અને સે-૨૨ પંચદેવ મંદિર પાછળના નવરાત્રિ ગ્રાઉન્ડ ખાતે આવતીકાલ તા. ૨૯મી ડિસેમ્બર ૨૦૧૬ના રોજ સવારના ૮.૦૦ કલાકથી બપોર સુધી ખેડૂત શાકભાજી માર્કેટ ભરાશે તેમજ ગાંધીનગર શહેરના સે-૨૧ અને ૨૪ અને જિલ્લામાં અન્ય જગ્યાએ આજે ખેડૂત શાકભાજી માર્કેટ ભરાશે નહીં.

GUJARAT POWER CORPORATION LTD.

**ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ**
બ્લોક નં. ૮ અને ૮, છઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં. ૨૩૨૫૧૨૫૫-૬૦

**ભાવ દરખાસ્ત માટે મુદ્દત વધારો**

ગુજરાત પાવર કોર્પોરેશન, અગામી 'વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૭, દરમિયાન એકઝીબીશન સ્ટોલ ટર્ન-કી ધોરણે કરવા માટે ગાંધીનગર સમાચાર તથા સંદેશમાં તા. ૧૯/૧૨/૨૦૧૬ જાહેરાત દ્વારા નિવેદન આવકાર્યા હતા. આ દરખાસ્ત મોકલવાની આખરી તારીખ : ૨૭/૧૨/૨૦૧૬ હતી. જેની સમય મર્યાદામાં વધારો કરીને તારીખ : ૩૦/૧૨/૨૦૧૬ કરવામાં આવેલ છે. આ માટેની સુધારેલ માહિતી વેબસાઈટ : www.gpcl.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. જેની નોંધ લેવી.

**ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ વતી**
**ચીફ પ્રોજેક્ટ ઓફીસર**

માહિતી/૨૨૮૦/૧૬-૧૭